
ગાંધીનગર સમાચાર



વન્યજીવોની આબેહૂબ પ્રતિકૃતિ

## @ગાંધીનગર

● શ્રીમા

● સે-૨૨ જૈન દેરાસર ખાતે પર્યુષણ પર્વના પ્રારંભ નિમિત્તે સવારે ૯ કલાકે પર્યુષણના કર્તવ્ય તથા વધામણા યોજાશે.

● આત્મહત્યાઓ રોકવા ટલીફોનીક હેલ્પલાઈન જીવન આસ્થાનો પ્રારંભ મુખ્યમંત્રી દ્વારા સવારે ૧૧.૧૫ કલાકે સે-૨૭ પોલિસ અધિક્ષકની કચેરીએ વીડીયો કોન્ફરન્સથી કરાશે.

● ગોપી મંડળ દ્વારા ભજનનો કાર્યક્રમ અમૃતબા એમ. ગોહિલના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૨૩/૨, સે-૧૪ ખાતે બપોરે ૩ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ મેહુલભાઈ ઓઝાના નિવાસસ્થાન ૧૦૩/૧, સે-૧૪ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન પાઠ ભાસ્કરભાઈ વ્યાસના નિવાસસ્થાન ૩૮૫/એ/૭, ચર્ચની સામે નવરાત્રિ ચોક, સે-૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન અને સ્તુતી વંદના મુકેશભાઈ શુકલના નિવાસસ્થાન શ્રીધર ફલેટ, સે-૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુરૂદ્રાભિષેક આશીષભાઈ ભટ્ટના નિવાસસ્થાન, બં. ૩૮, રોયલ-૨, સિધ્ધાર્થ રેસીડેન્સી પાસે, ન્યુ વાવોલ ખાતે સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

● સે.૧૭ ટાઉન હોલ ખાતે નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ ૨૦૧૫નો કાર્યક્રમ સવારે ૧૧ કલાકે યોજાશે

- નજાહખાનમ સૈયદ

# ગાંધીનગર-મોટેરા વચ્ચે એલ.આર.ટી.એસ. માટે રજુઆત

**વિશ્વના અનેક દેશોમાં સફળતાપૂર્વક કાર્યરત લાઈટ-રેલ ટ્રાન્ઝીસ્ટ સીસ્ટમ શરૂ કરવા રજુઆત ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક અગ્રણી જે.જી. ભટ્ટે ફોરેન બેજ આ પ્રોજેક્ટની રૂપરેખા તૈયાર કરી છે : આ સીસ્ટમ હાલ યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ટ્યુનીસમાં સફળ રીતે ચાલે છે**

ગાંધીનગર, તા. ૯


ગાંધીનગર-અમદાવાદ સીટી વચ્ચેના પડતા મુકાયેલા રાજ્ય સરકારના અતિ મહત્વકાંક્ષી મેટ્રો રેલ પ્રોજેક્ટને સ્થાને યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ટ્યુનીસ જેવા દેશોમાં દોડતી લાઈટ રેલ ટ્રાન્ઝીસ્ટ સીસ્ટમ (એલ.આર.ટી.સી.)ને મોટેરાથી ગાંધીનગર વચ્ચે દોડાવવામાં આવે તો ઓછા ખર્ચે નગરજનોને ઝડપી રેલ સેવાનો લાભ મળી શકે તેમ છે. અને દરરોજ એક ટ્રીપમાં ૪૦૦ મુસાફરો લાભ લઈ શકે તેમ છે. તેવો ઉમદા અભિપ્રાય ગાંધીનગરના એક વડીલે વ્યક્ત કર્યો છે અને રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ પર વિચારણા કરી આ રેલ સેવા શરૂ કરે તેવી અપીલ કરી છે.

ગુજરાત રાજ્યમાં કુદકે ને ભુસકે વિકાસ થઈ રહ્યો છે. સમગ્ર ભારતમાં ગુજરાત વિકાસનું મોડલ પ્રસ્તુત કરી રહ્યું છે. હાલ વિશ્વમાં ગુજરાત વિકાસની દ્રષ્ટિએ ટોચની હરોળે છે. વિશ્વના મોટા ભાગના દેશો ગુજરાતમાં આવી પોતાના પ્રોજેક્ટ નાખી રહ્યા છે પરંતુ તેમ છતાં હજુ પણ ગુજરાત ઝડપી જનજીવન સાથે તાલમેલ બેસાડી શક્યુ નથી અને બીજા રાજ્યોના મહત્વના શહેરમાં કાર્યરત મેટ્રો રેલ માટે હજુ પણ ઝંખી રહ્યું છે. ત્યારે ગાંધીનગર ૮૦ વર્ષીય વડીલ જે.જી. ભટ્ટે ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના રાજ્ય સરકાર દ્વારા પડતા મુકાયેલા મેટ્રો રેલના સ્થાને ઓછા ખર્ચવાળા લાઈટ રેલ ટ્રાન્જીસ્ટ સીસ્ટમની રૂપરેખા તૈયાર કરી ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મોટેરાથી સચિવાલય સુધી આ રેલ સેવા શરૂ કરવા અપીલ કરી છે.

આ લાઈટ રેલ ટ્રાન્ઝીસ્ટ સીસ્ટમને મેટ્રોરેલના સ્થાને મોટેરાથી ચ-૩ સચિવાલય સુધી શરૂ કરવામાં આવે તો આ માર્ગ માત્ર ૧૫ કિ.મી.નો છે. ગાંધીનગર-મોટેરા વચ્ચે ૬ માર્ગીય પહોળો રસ્તો આવેલો છે. માર્ગના છેવાડે ફૂટપાથની બાજુમાં રેલ પાટા નાખવાથી વાહન વ્યવહાર તેમજ ગટર, ગેસ કે પાણીની પાઈપ લાઈનને કોઈ નુકશાન નહી થાય. માત્ર ૫૦-૬૦ કરોડના ખર્ચે તૈયાર થઈ જશે અને આ એલ.આર.-ટી.એસ.માં ૪ થી ૬ કોચ રાખવાથી અંદાજે દરરોજ ૪૦૦ પ્રવાસીઓ સહેલાઈથી એક ટ્રીપમાં પ્રવાસ કરી શકશે, રેલની ગતિ પ્રતિ કલાક ૪૦ કિ.મી. હશે અને ૫ સ્ટેશન તેમજ ૨ મિનિટનો હોલ્ટ ગણતા માત્ર ૩૦ મિનિટમાં મોટેરાથી ચ-૩ ટર્મિનલ પર પહોંચી શકશે.

આ પ્રોજેક્ટ શરૂ કરવાની દરરોજ હજ્જારોની સંખ્યામાં દોડતા દ્વીચક્રી વાહનો, રીક્ષા, ખાનગી વાહનો દોડતા અટકી જશે જેથી

● અનુસંધાન પાન-૭ પર



### એલ.આર.ટી.એસ. સીસ્ટમથી ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને ફાયદો થશે

ગાંધીનગર શહેર તેમજ ગુડા વિસ્તારમાં હાલ કુલ ૯ વિશ્વ વિદ્યાલયો ૨૩ મહાશાળાઓ તેમજ ૭૩ માધ્યમિક અને ૭૧ પ્રાથમિક શાળા આવેલી છે. તેની અંદર અભ્યાસ કરવા આવતા ૩૦ હજાર જટલા વિદ્યાર્થીઓને આનો સીધો ફાયદો થશે ઉપરાંત ગાંધીનગર કોબા-માર્ગ પરના રહેણાંક વિસ્તારના રહિશો અને કર્મચારીઓને પણ મોટો ફાયદો થશે.

### બસોની ટ્રીપ ઘટશે

આ પ્રોજેક્ટને લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચે દરરોજ ૩૫૦ બસોની ટ્રીપમાં પોણા ભાગનો ઘટાડો થશે.

### મેટ્રો રેલના ખર્ચ કરતા ૩૩ થી ૩૫ ટકા જ ખર્ચ થશે

પડતા મુકાયેલા મેટ્રોરેલના કુલ ખર્ચ કરતા આ પ્રોજેક્ટ માટે ૩૩ થી ૩૫ ટકા જ ખર્ચ થશે. રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ આ પ્રોજેક્ટ હાલ ગાંધીનગર પુરતો પડતો મુકાયો છે. આ પ્રોજેક્ટ માટે કિ.મી. દિઠ ખર્ચ અનુક્રમે રૂ. ૨૧૦ કરોડ હતો. જ્યારે એલ.આર.ટી.એસ. માટે ટ્રામની જેમ મુખ્ય માર્ગ પર જ રેલ પાટા નાખવાથી માત્ર કિ.મી. દિઠ ૫૦ થી ૬૦ કરોડ થાય તેમ છે. આમ આ સમગ્ર ૧૫ કિ.મી. માર્ગ માટે અંદાજે ખર્ચ ૮૦૦ કરોડ થાય એમ છે. જે મેટ્રો રેલ કરતા અડધો ખર્ચ થશે અને બે જ વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થઈ શકે તેમ છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ઝંઝાવાતી વરસાદમાં પડી ગયેલા વૃક્ષો અંગે કાગારોળ શાંત પડી રહી છે. જો કે ચ-૫ થી ઘ-૫ તરરફ જતા રોડની વચ્ચે ટીવી ચેનલના કેબલ પર હજુ પણ લટકી રહેલી સુકાયેલી ડાળી એ વરસાદની યાદ તાજી કરાવતી રહે છે.

● ટાઉનહોલ ખાતે ગુડાના આવાસની ફાળવણીના ડ્રોના કાર્યક્રમમાં હૈયેહૈયું દબાય તેટલી માનવ મેદની ઉમટી પડી હતી. હોલમાં બેઠકો ઉપરાંત પગથીયાઓમાં પણ નગરજનોને બેસાડયાં છતાં અનેક લોકો બહાર રહી જવા પામ્યા હતાં.

● સરગાસણ ચાર રસ્તા ખ-૦ નજીક સિધ્ધાર્થ ઝોલ્ડ ખાતે મિનરલ પાણીની પરબ હાઈવે પરના અસંખ્ય વાહનચાલકોની તરસ બુઝાવી ઠંડક આપી રહી છે.

● જીવદયા અંગે વાતો તો ઘણી થાય છે. અને હવે તો પર્યુષણ પર્વનો પ્રારંભ પણ થઈ રહ્યો છે. સે-૨૪ના માર્કેટ પાસે જાહેર રસ્તા પર પાંચ કલાક સુધી એક મરેલી ગાય પડી હોવા છતાં કોઈએ તેના તરફ લક્ષ સેવ્યું નહોતું.

- સમીર રામી
9924446645



**એસ.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલનાં વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટીની તાલીમ**

શહેરના સેકટર-૨૩ ખાતે સ્થિત એસ.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં આજે ગાંધીનગર ફાયરબ્રિગેડના ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ દ્વારા ફાયર સેફટી અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કુલના વિદ્યાર્થીઓને લાઈવ ડેમો આપીને ફાયર અવેરનેશની તાલીમ આપવામાં આવી હતી.

## કબડ્ડી-ખો-ખોમાં ચૌધરી વિદ્યાલય વિજેતા

ગાંધીનગર, તા.૯

સેકટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ જીત હાંસલ કરી હતી. તાજેતરમાં જિલ્લા કક્ષાની કબડ્ડીની સ્પર્ધા તેમજ ખો-ખોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાની કબડ્ડી ટીમ અને ખો-ખો ટીમે પ્રથમ ક્રમાંક મેળવી વિદ્યાર્થીઓએ શાળાનું નામ રોશન કર્યું હતું. જેથી શાળાના તમામ ખેલાડીઓને આચાર્યા તેમજ શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.



(તસવીર : દિપક જાની)

સેક્ટર ૬બીમાં વસતા અગ્રણી કેશુદાદા પટેલના અકાળે અવસાનથી સમગ્ર સેક્ટરમાં શોકની લાગણી પ્રસરી હતી. સ્વર્ગસ્થના માનમાં વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળી સદગતને શ્રદ્ધાંજલિ આપી હતી.

## પેથાપુરમાં વિના મુલ્યે નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં આવેલા પેથાપુર ગામમાં ચાર રસ્તા પાસે આવેલ સાંનિધ્ય મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે નિદાન કેમ્પ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કેમ્પમાં મોટા ભાગના અસ્થમા અને ડાયાબિટીસના દર્દીઓ જોવા મળ્યા હતા. દર્દીઓની ડૉ. અભિષેક અગ્રવાલના નેજા હેઠળ હોસ્પિટલના તજજ્ઞ ડોકટરોએ નિદાન કરી સારવાર કરી હતી. આ ઉપરાંત દર્દીના નિદાન ફેફસાની તપાસ માટે સ્પાયરોમીટર ડાયાબીટીસ માટે બ્લડસુગરની તપાસ અને હ્રદયરોગ માટે ઈસીજી જેવા આધુનિક નિદાનના સાધનો પણ હતા. આ સમગ્ર નિદાન કેમ્પ સફળ રહ્યો હતો.

## છેતરપીંડીના ગુન્હામાં વોન્ટેડ શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એલસીબી હસ્તકની એબસ્કવોન્ડર સ્કવોર્ડનાં પીએસઆઈ કે.એ. પટેલ તથા તેમની ટીમે બાતમીને આધારે હિંમતનગરથી એક વોન્ટેડ શખ્સને પકડી પાડયો છે. છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુના હેઠળ વડોદરા શહેર પાણીગેટ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ આરોપી વિષ્ણુ વસંત બારોટ રહે. ગઠોડા, હિંમતનગરને પકડી પાણીગેટ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

## પાનસર ચોકડી પાસે વરલી મટકાનો જુગાર રમાડતા એક પકડાયો

**એલસીબીની ટીમે દરોડો પાડી ૧૨ હજારનો રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો : મુખ્ય સુત્રધાર વોન્ટેડ**

ગાંધીનગર, તા. ૯

કલોલ તાલુકાના પાનસર વિસ્તારમાં એક શખ્સ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી રૂ. ૧૨ હજાર રોકડ તથા વરલી મટકાના સાહિત્ય સાથે એક શખ્સને પકડી પાડ્યો છે. તેની ધરપકડ કરી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે મુખ્ય સુત્રધાર હજુ વોન્ટેડ છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે દારૂ-જુગારની બદી ડામવા ખાનગી બાતમીદારો સક્રીય કર્યા છે. દરમ્યાન એએસઆઈ રામાજી ફતાજીને ચોક્કસ બાતમી મળી હતી કે પાનસર ચોકડી રહીમપુરામાં મોહસીન નિજામ-મલેક માણસો રાખીને વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. જેને આધારે રામાજી તથા તેમની ટીમે રેઈડ કરીને વરલી મટકાના સાહિત્ય તથા રોકડ રૂ. ૧૨ હજાર સાથે ગુલાબનબી ઈલામ પરમારની ધરપકડ કરી લીધી છે. જ્યારે મુખ્ય સુત્રધાર મોહસીન નિજામ મલેક સામે પણ વરલી મટકાનો જુગાર માણસો રાખીને રમાડવા બદલ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. મોહસીન હજુ વોન્ટેડ છે.

## સેકટર-૪ નવરાત્રી મહોત્સવના પ્રમુખ પદે હિતેન્દ્રસિંહ વાઘેલા

ગાંધીનગર, તા.૯

સેકટર-૪ ખાતે ઓમકારેશ્વર મંદિરના પ્રાંગણમાં દર વર્ષે નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન થાય છે. આગામી આયોજન માટે તાજેતરમાં યોજાયેલી બેઠકમાં નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ પદે હિતેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે. આ બેઠકમાં વસાહતના પ્રમુખશ્રી તેજાભાઈ દેસાઈ તથા પૂર્વ પ્રમુખ આર.આર. પટેલ હાજર રહ્યા હતા.

## દેશી દારૂના કોથળા ભરેલી તુફાન જીપ પકડાઈ

ગાંધીનગર, તા. ૯

દહેગામ-નરોડા હાઈવે પરથી દેશી દારૂનો મસમોટો જથ્થો ભરી એક તુફાન જીપ પસાર થવાની હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે રામપુરા પાટીયા પાસે વોચ ગોઠવીને દેશી દારૂના ૧૫ કોથળા ભરેલી તુફાન જીપ પકડી પાડી હતી જો કે બુટલેગર પોલીસને જોઈને જીપ મુકી ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે રૂ. ૩,૧૦,૨૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ ઊંડી તપાસ શરૂ કરી છે.

ડભોડા પોલીસમથકના પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમ દેશી દારૂની તુફાન જીપ નં. જીજે-૧૮એકસ-૫૧૮માં હેરાફેરીની બાતમીને આધારે વહેલી સવારે દહેગામ-નરોડા હાઈવે પર રામપુર પાટીયા પાસે વોચમાં બેસી ગઈ હતી. તેટલામાં આ જીપ પસાર થતા પોલીસને જોઈ જીપ સાઈડમાં મુકી દઈ ડ્રાઈવર ભાગી ગયો હતો. પોલીસની ટીમે જીપમાં તપાસ કરતાં અંદરથી ૧૫ મોટા કોથળામાં ભરેલો દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

## ખોરજ રેલવે ટ્રેક પર ટ્રેઈનની ટકકરથી યુવાનના ટુકડે-ટુકડા

**૨૫ વર્ષીય બિનવારસી યુવાને જમ્મુ તાવી ટ્રેઈન નીચે આપઘાત કર્યો હોવાની આશંકા**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક સ્થિત ખોરજ ખોડીયાર રેલવે ટ્રેક પરથી આજે બપોરના અરસામાં નીકળેલી જમ્મુ તાવી ટ્રેઈનની ટકકરે આશરે ૨૫ વર્ષીય બિનવારસી યુવાનના ટુકડા થઈ ગયા હતા. અજાણ્યા યુવાને ટ્રેઈન સામે પડતું મુકીને આપઘાત કર્યો હોવાની આશંકા છે. રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને જમાદાર જશવંતસિંહે મૃતકની ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

# વન્યજીવોની આબેહૂબ પ્રતિકૃતિ બનાવતા સુરેશ પંડિત

ગાંધીનગર, તા. ૯

પહેલાના જમાનામાં રાજા-રજવાડા દ્વારા જંગલમાં જઈને શિકાર કરવામાં આવતા હતા. શિકાર કર્યા બાદ તે વન્ય પ્રાણીના માથાને વિવિધ મસાલા ભરીને દિવાનખંડોમાં સજાવવામાં આવતા હતા. આજના યુગમાં વન્ય પ્રાણીઓના શિકાર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે પરંતુ હજુ પણ ઘણા શિકારીઓ દ્વારા વન્યજીવોને ખાનગી ધોરણે શિકાર કરાય છે. ગાંધીનગરના એક વન્યપ્રેમી દ્વારા વન્ય જીવોની સંરક્ષણનો સંદેશો આપવા સાથો સાથ દિવાનખંડોમાં વન્યજીવોના માથાની ટ્રોફી બનાવી લગાડવાના શોખને પુરો કરવા ઈકો ફ્રેન્ડલી મટીરીયલન્સના ઉપયોગથી પ્રાણીઓની આબેહૂબ કલાકૃતિઓ બનાવવામાં આવે છે. કોઈપણ જાતની પ્રાણીજન્ય વસ્તુઓનો ઉપયોગ કર્યા વગર બનાવેલ આ કલાકૃતિઓ તદ્દન જીવંત લાગે તે માટે તેમણે પોતાના વનભ્રમણના દસ વર્ષના અનુભવ ઉપરાંત વન્યજીવોના વિવિધ તજજ્ઞોનું માર્ગદર્શન લઈ ઝીણામાં ઝીણી બાબતનું ધ્યાન રાખ્યું છે.



વર્ષ-૨૦૦૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગૌરવયાત્રા દરમ્યાન ગુજરાતના ગૌરવના પ્રતિક તરીકે ઉપયોગમાં લેવાયેલ ગીરના સિંહની પ્રતિકૃતિ બનાવનાર સે. ૫-બીમાં રહેતા સુરેશ પંડિત છેલ્લા તેર-ચૌદ વર્ષથી કલાકૃતિઓ બનાવી રહ્યાં છે. મૂળ સૌરાષ્ટ્રના કેશોદના વતની અને વ્યવસાયે ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી કરતા સુરેશ પંડિતને વન્યભ્રમણનો શોખ હતો. વન્ય ભ્રમણના તેમના શોખને કારણે વર્ષ ૧૯૯૦ અને ૧૯૯૫માં ગીરના જંગલમાં સિંહોની વસ્તી ગણતરીમાં તેમણે મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ ઉપરાંત ગીરમાં યોજાતા નેચર એજ્યુકેશન કેમ્પ્સમાં તેઓ રિસોર્સ પર્સનની સેવાઓ પણ આપતા હતા. તત્કાલીન મુખ્યમંત્રી સુરેશ મહેતા તેમના પરિવાર સાથે જન્મદિવસની ઉજવણી કરવા મેંદરડા પાસેના દાત્રણા ગામે આવ્યા હતા. ત્યારે તેમને ગામના એક ગઢવીએ કાળી માટીમાંથી બનાવેલ બેઠેલી ભેંસ અને બગલાની આબેહૂબ પ્રતિકૃતિ ભેટ કરી હતી. આ પ્રતિકૃતિ જોઈ સુરેશ પંડિતને પણ સિંહની પ્રતિકૃતિ બનાવાવની ધૂન ચઢી જે આજ સુધી તેમના માથે સવાર છે. તેમને મળેલી પ્રેરણામાં જંગલનો અનુભવ કામે લગાડ્યો અને મહિનાઓની મહેનતના અંતે તેમણે પહેલી પ્રતિકૃતિ તૈયાર કરી. બસ પછી તો તેમણે વાઘ, દિપડા અને ચિત્તાની પણ પ્રતિકૃતિઓ બનાવી

● અનુસંધાન પાન-૭ પર



**સેક્ટર-૫ના વસાહતી સુરેશ પંડિતે બનાવેલી સિંહની પ્રતિકૃતિ ૨૦૦૨માં ગૌરવયાત્રામાં નરેન્દ્ર મોદીએ ઉપયોગમાં લીધી હતી**

(તસવીર : સમીર રામી)

## ટાટા ચોકડી પાસેથી વોન્ટેડ બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એલસીબી પીએસઆઈ એન.એન. ચાવડા તથા તેમની ટીમ ચોકકસ બાતમીને આધારે આજે વહેલી સવારે ટાટા ચોકડી પાસે વોચ પર ગોઠવાઈ ગયા હતા. અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં બે વર્ષથી વોન્ટેડ ગાંધીનગરના પુન્દ્રાસણ ગામનાં બુટલેગર ભુપત જવાનજી ઠાકોરને ટાટા સર્કલથી જ પકડી પાડવામાં આવ્યો હતો.

વહેલી સવારે તેની ધરપકડ કરી અમદાવાદ પોલીસને સોંપવા કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

## ચિરવિદાય

- સ્વ. વિઠ્ઠલભાઈ છોટાલાલ સોની (ઉ.વ.૮૦)
- સ્વ. ઠાકોર જયોત્સનાબેન શંકરજી (ઉ.વ.૪૫)
- સ્વ. ગલાલબેન નારણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૮૪)
- સ્વ. પટેલ શુભદ્રાબેન વિષ્ણુભાઈ (ઉ.વ.૭૩)